# ઈન્ડોરમાં તા.૧૯-૨૦મીએ જવેલટેક - ૨૦૦૮નું આયોજન

## શહેરનાં હીરા ઉદ્યોગને ઓછા ખર્ચે વધુ ઉત્પાદન માટેની ટેકનોલોજીની માહિતી મળશે : નવા મશીનો લોન્ચ કરાશે

**સુરત, તા.૧૭**

વિશ્વમાં ડાયમંડ હબ તરીકે ઓળખ પામેલા સુરતમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદનની નવી-નવી ટેકનોલોજીથી ઉદ્યોગકારો માહિતગાર બને તેવા હેતુથી શહેરમાં એક એક્ઝિબીશન કમ કોન્ફરન્સ જવેલટેક-૨૦૦૮નું આયોજન થઈ રહ્યું છે.

જવેલટેક દેશનો એક માત્ર સર્વગ્રહી ટેકનોલોજી શોધે જેમાં ડાયમંડ મેન્યુફેચરીંગનાં વિવિધ પાસાઓ અને ઈન્ફોરમેશન ટેકનોલોજી સોલ્યુશન્સ ઉપલબ્ધ બનશે જેનું ઈન્ડોર સ્ટેડીયમમાં તારીખ ૧૯ જુલાઈથી ૨૦ જુલાઈ સુધી દમિયાન થનાર છે.

આ એક્ઝિબીશનમાં અદ્યતન ડાયમંડ મશીનો, જેવા કે લેશર મશીનો, બ્રુટીંગ મશીનો, માર્કિંગ સીસ્ટમ, પ્લાનીંગ મશીનો, ડાયમંડને લગતા સોફ્ટવેર, સોલ્યુશન્સ, કોમ્પ્યુટર સર્વર, અને હાર્ડવેર વગેરે બનાવટો જોવા મળશે.

આ કોન્ફરન્સમાં પરાગ શાહ, સિધ્ધાર્થ મહેતા, જનકા મિસ્ત્રી, કિશોર વિરાણી, હિતેશ શાહ, અરવિંદ પટેલ વકતવ્ય આપશે જયારે ક્રીસ્ટીના એડરઝાક (બેટનવીલ), માર્ક થોમસના (એચ.આર.ડી.) અને ઝીવ લેસમ (સઈઓ, સરીન) જેવા વિદેશી નિષ્ણાંતો પણ માર્ગદર્શન અને માહિતી આપશે, કુલ ૬૦ સ્ટોલનાં દેશભરનાં ૩૫ થી વધુ પ્રદર્શનકારો ભાગ લેશે, અને સહજાનંદ લેસર ટેકનોલોજી લી.એનર્જી એફિશીયન્ટ હોલમાર્ક કોમ્બી મશીન અને એલવા એક્ષા આર.એફ.ગોલ્ડ પ્યોરીટી ટેસ્ટીંગ મશીન વિશ્વનું સૌથી નાનુ ગોલ્ડ ટેસ્ટીંગ મશીન છે તે સુરતમાં પ્રથમવાર રજૂ થશે.